بسم الله الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.05-01-2018 સ્થળ: બૈતુલ ફુતુહ, લંડન**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું: કુરઆન શરીફમાં ધનની કુરબાની વિશે મોમિનોને ધ્યાન અપાવવાનું અનેક સ્થળોએ વર્ણન મળે છે. એક સ્થળે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે જે પણ તમે ધનમાંથી ખર્ચ કરો છો તો તે તમારા પોતાના હિત માટે જ છે અને સાથે મોમિનોની આ નિશાની બતાવી દીધી કે તેઓ અલ્લાહ તઆલાની પ્રસન્નતા પ્રાપ્તિ માટે સહયોગ કરે છે ફરમાવ્યું કે તમે અલ્લાહ તઆલાની પ્રસન્નતા પ્રાપ્તિ માટે ખર્ચ કરો છો. આથી કેટલો ભાગ્યશાળી છે તે લોકો જે આ વિચાર સાથે પોતાનો માલ ખુદા તઆલા માટે ખર્ચ કરે છે અને અલ્લાહ તઆલાની કૃપાથી આ ધરતી પર અહેમદીઓ સિવાય કોઈ નથી જે અલ્લાહ તઆલાની ખુશીને પ્રાપ્ત કરવા માટે માલની કુરબાનીની સોચ રાખતો હોય. જમાઅતના રૂપમાં ફકત અહેમદીયા જમાઅત છે જે અલ્લાહ તઆલાની પ્રસન્નતા પ્રાપ્તિ તથા દુર્બળો અને નિર્ધનોની સહાયતા, ધર્મના પ્રચાર અને ઈસ્લામનો વાસ્તવિક ચહેરો દુનિયાને દેખાડવા માટે પોતાના ઉપર બોઝ નાખીને પણ માલની કુરબાની કરે છે.

આંહઝરત સ.અ.વ., અલ્લાહ તઆલા તરફથી ફરમાવે છે, હદીસ એ કુદસી છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે હે આદમના પુત્ર! તુ પોતાનો ખજાનો મારી પાસે જમા કરી સંતુષ્ટ થઈ જા. ન આગ લાગવાનો ભય છે, ન પાણીમાં ડુબવાની સંભાવના છે તથા ન કોઈ ચોરીનો ડર. મારી પાસે મુકેલ ખજાનો હું તને પુરો આપીશ, તે દિવસે જ્યારે તુ સૌથી અધિક તેની આવશ્યતા રાખીશ.

આમ જેને અમો પ્રત્યક્ષતઃ વ્યય સમજી રહ્યા હોઈએ છીએ તે વાસ્તવમાં વ્યય નથી બલ્કે તમારા ખાતામાં જમા થઈ ગયો છે તથા જ્યારે તમોને તેની જરૂર હશે, અલ્લાહ તઆલા તેને પાછો આપશે. તેવી જ રીતે એક રિવાયતમાં આવે છે કે આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે કયામતના દિવસે હિસાબ કિતાબ પૂર્ણ થવા સુધી અલ્લાહના માર્ગમાં માલ આપનાર, અલ્લાહના માર્ગમાં આપેલ માલની છાયામાં રહેશે પરંતુ સાથે જ આપે એક સ્થાને આ શર્ત પણ રાખી છે કે અલ્લાહ તઆલાને ખરાબ માલ પસંદ નથી, અનુચિત ઢંગથી કમાયેલ માલ પસંદ નથી બલ્કે પાક કમાઈ અને મહેનતથી કમાયેલ માલ જો તેના માટે ખર્ચ થશે તો સ્વીકાર થશે. આંહઝરત સ.અ.વ.ના સહાબા કેવો પ્રયાસ કરી માલની કુરબાનીના અભિયાનમાં ભાગ લેતા, તેનું એક રિવાયતમાં આમ વર્ણન મળે છે કે હઝરત અબૂ મંસૂર અન્સારી કહે છે કે આંહઝરત સ.અ.વ. જ્યારે પણ સદકા અને માલની કુરબાની માટે પ્રેરણા આપતા તો અમારામાંથી કેટલાક લોકો બજાર જતા અને ત્યાં મહેનત મજુરી કરતા તથા તેને જે મહેનતાણું મળતુ તેને તે અભિયાનમાં લગાવી દેતા. હઝરત અબૂ બકર સિદ્દીક રઝી. વિશે રિવાયત આવે છે કે જ્યારે તેઓ મુસલમાન થયા તો તેમની પાસે ચાલીસ હઝાર સ્વર્ણ મુદ્રાઓ હતી. તેમણે નકકી કર્યુ કે આ બધું હું ધર્મ માટે આપી દઈશ તથા ખર્ચ કરતા રહ્યા તથા હિજરતના સમયે તેમની પાસે ફકત સૌ મુદ્રાઓ બચી હતી. આજે જો તે સમયની સ્વર્ણ મુદ્રાઓની સમાનતા મૂલ્ય વિચાર કરીએ તો અગ્યાર બાર મિલયન પાઉંડ બનશે. તો આ હાલત હતી સહાબાઓની કે જેમની પાસે કંઈ ન હતુ, તેમણે પણ પરિશ્રમ કરી કુરબાની કરી અને જેમની પાસે માલ હતો તેમણે મુશ્કેલ પરિસ્થિતિની કોઈ ચિંતા ન કરી તથા અલ્લાહ તઆલા માટે અત્યાધિક ખર્ચ કર્યુ.

પછી હઝરત મસીહ મૌઉદ અ.સ.ના સહાબામાં હઝરત ખલીફતુલ મસીહ અવ્વલની કુરબાની સાંભળીએ. આપે ખુબ કુરબાનીઓ આપી. તેવી જ રીતે હઝરત ડૉ. ખલીફા રશીદુદ્દીન સાહેબ હતા જેઓ હઝરત ઉમ્મે નાસિરના પિતા હતા, તેમણે પણ જ્યારે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના દાવા વિશે સાંભળ્યું તો તરત જ કહ્યું કે આટલો મોટો દાવો કરનાર વ્યકિત જુઠો ન હોઈ શકે અને તરત જ બૈઅત કરી લીધી અને પછી માલની કુરબાનીમાં પણ અગ્રેસર રહ્યા. વ્યવસાયિક રૂપથી ડોકટર હતા, સરકારી નોકર હતા, મોટી સમૃદ્ધિ હતી, સારી કમાઈ કરતા હતા. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ તેમને પોતાના બાર હવારિયોમાં લખ્યા છે. હઝરત મુસ્લેહ મૌઉદ રઝીએ બયાન કર્યુ કે તેમની

કુરબાનીઓ એટલી અધિક હતી કે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ તેમને આ પ્રમાણ પત્ર આપ્યું કે આપે સિલસિલા માટે એટલી અધિક માલની કુરબાની કરી છે કે ભવિષ્યમાં કુરબાનીની આવશ્યકતા જ નથી. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ, જ્યારે ગુરદાસપુરનો મુકદમો ચાલી રહ્યો હતો તો તે સમયે મિત્રોને આ પ્રેરણા આપી કે ખર્ચ અધિક થઈ રહ્યો છે, મુકદમાના પણ ખર્ચા છે, ખાસ કરીને લંગરખાનાનો ખર્ચ પણ વધી ગયો છે કેમકે હઝરત મસીહ મૌઉદ અ.સ. ત્યાં રોકાયા હતા જેના કારણે ગુરદાસપુરમાં પણ લંગર ચાલતું હતું અને કાદિયાનમાં પણ લંગર ચાલી રહ્યો હતો, બંને સ્થાળે લંગર ચાલી રહ્યો હતો તો તેના માટે ચંદાનો અભિયાન ચલાવ્યો, તેના પર ખલીફા રશીદુદ્દીન સાહેબ જેમને ભાગ્યવશથી તે જ દિવસ વેતન મળ્યો છે જે દિવસ તેમને તહેરીકની માલૂમાત થઈ. આથી તેમણે પોતાનો આખો પગાર જે તે જમાનામાં ચાર સૌ પચાસ રૂપિયા હતો અને ખુબ મોટી ધન રાશિ હતી, આજ કાલના લાખોને બરાબર, હઝરત મસીહ મૌઉદ અ.સ.ની સેવામાં મોકલી દીધી. તેમને કોઈએ કહ્યું કે પોતાના ઘરની જરૂરીયાત માટે થોડી મુકી દેતા, તો તેમણે જવાબ આપ્યો કે ખુદાનો મસીહ કહે છે કે દીન માટે આવશ્યકતા છે તો પછી શા માટે મુકતો.

હઝરત મસીહ મૌઉદ અ.સ. કહે છે કે હું મારી જમાઅતની મુહબ્બત તથા નિષ્ઠા પર ચકિત થાઉ છુ કે તેમનામાં ખુબ જ ઓછા વ્યવસાય વાળા જેવું કે મિયાં જમાલુદ્દીન અને ખૈરૂદ્દીન અને ઈમામુદ્દીન કાશ્મીરી મારા ગામની નજીક રહેનાર છે, તેઓ ત્રણેય ગરીબ ભાઈ છે જે કદાચ ત્રણ આના કે ચાર આના દૈનિક મજૂરી કરે છે પરંતુ તો પણ માસિક ચંદામાં સામેલ છે, નિયમ બદ્ધ ચંદો આપે છે. પછી આપે ફરમાવ્યું કે તેમના દોસ્ત મિયાં અબ્દુલ અઝીઝ પટવારીની નિષ્ઠા પર પણ હું ચકિત છું કે વ્યવસાયની અછત હોવા છતા એક દિવસ સૌ રૂપિયા આપી ગયા કે હું ઈચ્છું છું કે અલ્લાહના માર્ગમાં ખર્ચ થાય. આપ ફરમાવે છે કે તે સૌ રૂપિયા તે ગરીબે કેટલાય વર્ષો સુધી જમા કર્યા હશે પરંતુ લિલ્લાહિ જોશએ ખુદાની ઈચ્છાનો જોશ અપાવી દીધો.

હુઝુર અનવરે ફરમાવ્યું : આ રીતે આ સિલસિલો જે બલિદાનનો સિલસિલો છે આ ખુદા તઆલાના આદેશ અનુસાર છે અને અલ્લાહ તઆલાની કૃપાથી આજે પણ હઝરત મસીહ મૌઉદ અ.સ.ની જમાઅતમાં જોવા મળે છે. અલ્લાહ તઆલાએ હઝરત મસીહ મૌઉદ અ.સ.ની જમાઅતને આ કુરબાનીની તે ધારણા આપી છે જે વિશ્વમાં કોઈ અન્યને નથી તથા તેના અસંખ્ય નમૂનાઓ આપણે પ્રતિ વર્ષ જોઈએ છીએ. આજે કેમકે પ્રથા અનુસાર જાન્યુઆરીના પહેલા ખુત્બામાં વકફે જદીદના નવા વર્ષની ઘોષણા થાય છે તેના અનુસાર હું વકફે જદીદમાં માલની કુરબાની કરનારના અમુક ઈમાન વર્ધક વૃત્તાંત બયાન કરીશ.

બર્કીના ફાસોના અમીર સાહેબ લખે છે કે અમારી એક જમાઅત છે કારેકી, ત્યાં સરકાર ફાઈબર ઓપટિક તાર જમીનમાં બીછાવી રહી છે તો જમાઅતના ખુદ્દામોએ ઠેકેદારથી વાત કરી કે તેઓ તેમને એકકિ.મી. ખોદકામ આપી દે. તે રીતે કામ મળવાથી જમાઅતના ખુદ્દામ મળીને કામ કર્યુ તથા તેના બદલે મળનાર મિલયન ફ્રાંસ સીફાની રકમ જે લગભગ બાર સૌ પચાસ પાઉંડ બને છે. વકફે જદીદ ચંદામાં અદા કરી દીધી. આમ આ ભાવના છે જે આજે જમાઅત અહેમદીયા સિવાય બીજે કયાંય નથી દેખાતી.

બર્કીના ફાસોના એક સભ્ય પોતાની એક ઘટના બયાન કરે છે કે મારે એક યાત્રા પર જવાનું હતું અને વકફે જદીદનો વર્ષ પૂર્ણ થઈ રહ્યો હતો મેં જતા પહેલા મારા છોકરાઓને કહ્યું કે જ્યારે આ પાક સંપૂર્ણ તૈયાર થઈ જાય તો તેમાંથી દસમો ભાગ કાઢી ચંદામાં આપી દેજો. આમ કહી તે યાત્રા પર ચાલી ગયા પછી છોકરાઓ પાક આખો ઘરે લઈ આવ્યા અને ચંદો ન આપ્યો. કહે છે કે જ્યારે તેઓ પાછા આવ્યા અને તેમને માલૂમ થયું કે છોકરાઓએ તમામ અનાજ ઘરમાં રાખી લીધો છે. તેના પર તેઓ છોકરાઓને કહે છે કે અત્યારે જ તમામ અનાજ ઘરમાંથી બહાર કાઢો અને ચંદાનો ભાગ અલગ કરો અને આ રીતે છોકરાઓએ તમામ અનાજ ઘરમાંથી કાઢયો અને ચંદાનો ભાગ અલગ કરી અનાજ તે જ સ્થાને મુકયો તો કહે છે કે કોઈ પણ પ્રકારની કમી ન આવી અને છોકરાઓ આ જોઈ ચકિત રહી ગયા કે ચંદો અલગ કર્યો તો પણ અનાજ એટલાનો એટલો જ છે. તેના પર કહે છે કે મેં તેમને જણાવ્યું કે આ અલ્લાહ તઆલાએ આપ લોકોને દેખાડયું કે તેના માર્ગમાં ખર્ચ કરવાથી માલ ઓછું નથી થતું બલ્કે વધે છે. આ ઈમાન તે લોકોનો છે, જે હઝારો મીલ દુર બેઠા છે અને તેમણે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને કબૂલ કર્યા છે.

ચંદાની બરકતથી મુશ્કેલીઓનું નિવારણ થવું અને ઈમાનમાં મજબૂતીની એક ઘટના છે. આઈવરી કોસ્ટની જમાઅત છે વિપિંગો. ત્યાંના નિવાસી એક દોસ્ત યાકૂબ સાહેબ કહે છે કે હું ઘણાં સમયથી અહેમદી હતો પરંતુ ચંદાની વ્યવસ્થામાં સામેલ ન હતો. પહેલા મારૂ જીવન હંમેશા મુશ્કેલીઓમાં ઘેરાયેલ હતું, કયારેક બાળકો બિમાર રહેતા તો કયારેક પાકના કારણે મુશ્કેલી આવતી. પરંતુ ગત ત્રણ વર્ષોથી હું ચંદા વકફે જદીદના બરકતી નિઝામમાં સામેલ છું અને અલ્લાહ તઆલાની કૃપાથી આર્થિક વ્યવસ્થાનો નિયમબદ્ધ અંગ બનવાથી ખુદા તઆલાએ જીવન બદલી નાખ્યો છે. હવે મારા બાળકો પહેલાથી અધિક સ્વસ્થ છે અને પાક પણ સારો થાય છે.

અલ્લાહ તઆલાની પ્રસન્નતા પ્રાપ્તિ માટે નૌ મુબાઈનમાં પણ કુરબાનીની રૂહ કેવી રીતે પૈદા થઈ રહી છે. આયવરી કોસ્ટના એક દોસ્ત ઝબલૂર સાહેબે થોડા સમય પહેલા ઈસાઈયતથી અહેમદીયત કબૂલ કરબાનો સૌભાગ્ય પ્રાપ્ત કર્યો. તેઓ તેમના નગરમાં એકલા અહેમદી છે તથા યથાવત રૂપથી મારા ખુત્બા પણ સાંભળે છે, અનેક જમાઅતી પ્રોગ્રામ પણ સાંભળે છે, મોટી શ્રધ્ધા છે તેમનામાં, મોટી પ્રગતિ કરી છે તેમણે ઈમાન અને નિષ્ઠામાં. બૈઅત પછી ફ્રેંચ ભાષામાં ઉપલબ્ધ જમાઅતી લિટ્રેચરનું અધ્યયન કર્યુ અને હવે ખુબ સારા દાઓી ઈલલ્લાહ પણ બની ચુકયા છે. તેમણે પોતાનું ગામ છોડીને આપણા જમાઅતી સેન્ટરની નજીક પોતાનું નિવાસ બનાવી લીધું છે જેથી ઈસ્લામ વિશે અધિક થી અધિક જાણકારી પ્રાપ્ત કરી શકે. આ દરમ્યાન તેમની પાસે કામ કાજ કઈ ન હતું, જગ્યા છોડવાના કારણે કામમાં અછત આવી ગઈ. કામ કાજની શોધમાં હતા, ફકત તેમની પત્નિ થોડુ ઘણું કમાઈ રહી હતી અને તેમના દ્વારા ઘરનો ખર્ચ ચાલતો હતો. તેમને જ્યારે ચંદા વિશે અવગત કરાવ્યા તો મુશ્કેલ પરિસ્થિતિઓ હોવા છતા પાંચ હઝાર સીફાની ધન રાશિ ચંદામાં અદા કરી દીધી અને કહેવા લાગ્યા કે આ મારો અને મારા પરિવારનો ચંદો છે. ઠીક છે દશા સારી નથી પણ હું ચંદાની બરકતોથી વંચિત નથી રહેવા માંગતો.

હુઝુર અનવરે ફરમાવ્યું: ચંદો આપનારને કેવી રીતે અલ્લાહ તરફથી શાંતિ મળે છે, તે વિશે આયવરી કોસ્ટના આપણા એક મુબલ્લિગ સાહેબ લખે છે કે બંદૂકો નગર આયવરી કોસ્ટને ઈસ્લામનો ગઢ સમજાય છે. અહીયા મૌલ્વીઓની સંખ્યા અધિક છે. અહીયા એક તબલીગથી દોસ્ત અબ્દુર રહેમાન સાહેબે બૈઅત કરી હતી. તેમને જમાઅતનો પરિચય એક જાહેરાત દ્વારા થયો હતો. તેઓ બયાન કરે છે કે હું ચાર વર્ષ પહેલા પરિવાર સહિત ઈસાઈયતથી મુસલમાન થયો હતો પણ મારૂ દિલ સંતુષ્ટ ન હતું અને જ્યારે જમાઅત વિશે માલૂમ થયું અને મિશન હાઉસ જઈ કેટલાક સવાલો કર્યા તો મને તે સવાલોના જવાબ મળી ગયા અને મેં બૈઅત કરી લીધી. કહે છે કે જ્યારે મેં બૈઅત કરી તો ડિસેમ્બરનો મહિનો હતો. મુબલ્લિગ સાહેબે મસ્જિદમાં ચંદા વકફે જદીદનું મહત્ત્વ બયાન કરી અને ચંદાની પ્રેરણા આપી. મારા ખીસ્સામાં તે સમયે બે હઝાર ફ્રાંસ સીફા હતા જેમાંથી એક હઝાર મેં તે જ સમયે વકફે જદીદમાં આપી દીધા, કહે છે કે અલ હમ્દો લિલ્લાહ, તે દિવસથી અલ્લાહ તઆલાએ મારૂ જીવન જ બદલી નાખ્યું, અલ્લાહ તઆલાએ મારા કામમાં બરકત નાખી દીધી છે, જે સ્થળે હું કામ કરૂ છું ત્યાં અફસરો સહિત તમામ મારૂ સંમાન કરે છે તથા સીમિત આયમાં પણ એટલી બરકત છે કે સમૃદ્ધ જીવન વ્યતીત કરી રહ્યો છું. આ સજ્જન પહેલા દિવસથી જ ચંદાના નિઝામનો નિયમબદ્ધ અંગ બની ગયા છે.

મિસ્રના એક અહેમદી છે અબ્દુર રહેમાન સાહેબ, કહે છે કે ગત જુમ્માના દિવસે મારી પાસે મિસ્રી પાઉંડ હતા જેમાંથી પચાસ પાઉંડ મેં જમાઅતને આપી દીધા તથા પચાસ યાત્રા માટે તથા અન્ય ખર્ચ માટે રાખી લીધા. હું મારા ઘર તથા ક્ષેત્રથી દુર રહું છું જ્યાં ખુદા સિવાય મારૂ કોઈ નથી. આવતા દિવસે માલૂમ થયું કે માસિક વેતન તો સાધારણતઃ મોડું આવે છે, આ વખતે જલ્દી આવી ગયું છે તથા મને તે જ સમય વસૂલી કરવી જોઈએ. તો પણ હું બે દિવસ પછી ગયો, શું જોઊ છું કે સરકારે વેતનમાં સાઈઠ પ્રતિશતની બઢૌતરી કરી દીધી છે. હવે નિશ્ચય છે કે આગળના જુમ્મામાં તેનો અડધો પણ ખુદાના માર્ગમાં આપી દઈશ. દુઆ કરો કે અલ્લાહ તઆલા પોતાના માર્ગમાં ખર્ચ કરવાનો આનંદ પ્રદાન કરે.

ભારતના ઈન્સપેકટ સલીમ ખાન સાહેબ લખે છે કે ગુજરાતની એક જમાઅતની યાત્રા પર ગયો, ત્યાં એક દોસ્ત સાથે ફોન પર સંપર્ક થયો, તેમણે જણાવ્યું કે એક કલાક સુધી તમારી બાજુ આવું છું. જ્યારે એક કલાક પછી તેમની પાસે ગયા તો વાત ચિત હજુ ચાલી જ રહી હતી, કહે છે કે બે વ્યકિત આવ્યા, તેમની સાથે વાત કરી અને તેમનું

ફ્રિજ લઈને ચાલ્યા ગયા. કહે છે કે મેં તેમને પૂછયું કે શું થયું ? તેમણે જવાબ આપ્યો કે આપે કહ્યું કે આપ આવો છો તો મારી પાસે આજે કોઈ રકમ નથી તો ફ્રિજ ઘરમાં હતુ તો મેં તેને વેચી દીધો. તેના પર મેં કહ્યું કે એટલી જલ્દી શું હતી , હજુ પણ પાછું મુકી દો. તેમણે કહ્યું આ નથી થઈ શકતુ કે કોઈ અમારી પાસે કેન્દ્રથી આવે અને તેને ખાલી હાથ જવા દઈએ. ફ્રિજનું શું છે, ફ્રિજ અમો ફરીથી ખરીદી લઈશું ઈન્શા અલ્લાહ. અલ્લાહ તઆલા તેમના માલમાં બરકત નાખે. આ સજ્જન વ્યકિત ભાડાના મકાનમાં રહે છે, મિસ્ત્રીનું કામ કરે છે પણ પોતાની નિર્ધનતા હોવા છતા અલ્લાહ તઆલાની રાહમાં કુરબાનીથી વંચિત ન રહ્યા.

તેવી જ રીતે ભારતના જ ઈન્સપેકટર વકફે જદીદ મુનવ્વર સાહેબ લખે છે કે સાંધન જમાઅત યુપીની યાત્રા સમયે એક મિત્ર પાસે ચંદા વકફે જદીદની વસૂલી માટે ગયા તો તેમણે પોતાની પરેશાની વ્યકત કરતા જણાવ્યું કે હમણા હાલત સારી નથી, તમો કાલે સવારે આવો પછી જોઈએ છીએ. આવતા દિવસે કહેછે હું ફરીથી તેમના ઘરે ગયો તો તે સાહેબે કહ્યું કે પૈસાનો બંદોબસ્ત નથી થયું, નાની છોકરી સાંભળી રહી હતી પાસે ઉભી, તે તેના પિતા પાસે આવીને કહેવા લાગી કે આપે મારાથી વાયદો કર્યો હતો કે સર્દી વધી રહી છે અને આપ મને સર્દી વાળા બુટ ખરીદી આપશો. આપે જે મારા બુટ માટે જે રકમ મુકી છે તે મને આપી દો. છોકરીએ આગ્રહ કરી પોતાના પિતા પાસેથી તે રકમ પ્રાપ્ત કરી અને તમામ રકમ વકફે જદીદમાં જમા કરાવી દીધી અને કહેવા લાગી કે બુટ તો ફરી પણ આવતા રહેશે, પહેલા ચંદો લઈ લો.

અલ્લાહ તઆલાની કૃપાથી વકફે જદીદનો સાઈઠમું વર્ષ ૩૧ ડિસેમ્બરના રોજ પૂર્ણ થયો છે, પ્રથમ જાન્યુઆરીથી નવું વર્ષ શરૂ થઈ ગયું છે. આંતર્રાષ્ટીય અહેમદીયા જમાઅતે આખા વર્ષમાં વકફે જદીદમાં ૮૮,૬૨,૦૦૦ પાઉંડની કુરબાની પેશ કરી જે ગત વર્ષની તુલનામાં ૮,૪૨,૦૦૦ પાઉંડ અધિક છે. અલ હમ્દો લિલ્લાહ. પાકિસ્તાન સિવાય પહેલા નંબરે બર્તાનિયા, બીજા નંબરે જર્મની ત્રીજા નંબરે અમેરીકા ચોથા નંબરે કેનેડા પાંચમાં નબરે ભારત છઠા નબંરે ઓસ્ટ્રેલિયા સાતમાં નંબરે મિડલ ઈસ્ટની એક જમાઅત આઠમાં નંબરે ઈન્ડોનેશિયા નવમાં નંબરે મિડિલ ઈસ્ટની એક અન્ય જમાઅત છે અને દશમાં નંબરે ઘાના છે ઘાનાએ આ વખતે ખુબ પ્રગતિ કરી છે. સ્થાનિક કરંસીની દ્રષ્ટિએ પણ પાછલા વર્ષની તુલનામાં વિશેષ પ્રગતિ કરનાર દેશોમાં આ વર્ષે કેનેડા સૌથી ઉપર છે, તેણે ખુબ પ્રગતિ કરી છે. તે પછી આફ્રીકાના દેશોમાં નાઈઝેરીયાએ ખુબ પ્રગતિ કરી છે, ૮૩ પ્રતિશત વૃદ્ધિ કરી છે. માલીએ ૫૫ પ્રતિશત વૃદ્ધિ કરી છે, સેરાલિયોનએ ૪૫ પ્રતિશત વૃદ્ધિ કરી છે, કેમરોનએ ૪૫ પ્રતિશત વૃદ્ધિ કરી છે, ગાનાએ ૨૪ પ્રતિશત વૃદ્ધિ કરી છે અર્થાત પાછલા વર્ષની તુલનામાં અધિક વસૂલીઓ કરી છે.

શામેલ થનારની સંખ્યાના સંદર્ભે હુઝુર અનવરે ફરમાવ્યું મૂળ વાત તો એ છે કે સામેલ થનાર વધવા જોઈએ. અલ્લાહ તઆલાની કૃપાથી આ વર્ષે વકફે જદીદમાં સોળ લાખથી અધિક ચંદો આપનાર સામેલ થયા છે તથા નવા સામેલ થનારની સંખ્યા બે લાખ અડસઠ હઝાર છે તથા સામેલ થનારમાં સંખ્યાની દ્રષ્ટિએ નાઈઝેરીયા પહેલા નંબરે છે અને પછી સેરાલિયોન, નાઈઝેરિયા, બેનિન, માલી, કેમરોન, આઈવરી કોસ્ટ, સેનેગાલ, બર્કીના ફાસો, ગેમ્બિયા. ગિની બસાઉ, કીનિયા, તંઝાનિયા, ઝિમ્બાવે છે, તેમણે વિશેષ કાર્ય કર્યુ છે.

ભારતના પ્રદેશોની દ્રષ્ટિએ પહેલા નંબરે કેરલા પછી જમ્મૂ કાશ્મીર, તેલંગાના, કર્નાટક, તમિલનાડૂ, ઓડિશા, વેસ્ટ બંગાળ, પંજાબ, ઉત્તર પ્રદેશ, પછી મહારાષ્ટ્ર. પછી વસૂલીની દ્રષ્ટિથી જમાઅતો જે છે ભારતની કાલીકટ પહેલા નંબરે છે પછી હૈદરાબાદ, પિત્થા પ્રિયમ, કાદિયાન, કોલકાતા, બેંગલોર, કુનૂર ટાઉન, પયંગાડી, કરોલાઈ તથા કરોનાગા પલ્લી.

ખત્બાના અંતમાં હુઝુર અનવરે ફરમાવ્યું: અલ્લાહ તઆલા તમામ કુરબાની કરનારના જાન માલમાં અત્યંત બરકત નાખે, ઈમાન અને નિષ્ઠમાં પણ વૃદ્ધિ ફરમાવે તથા પ્રત્યેક પોતાની કથનીમાં અલ્લાહ તઆલાની પ્રસન્નતા અનુસાર કામ કરનાર બને. આમીન